# પર્યાવરણ મિત્રના રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ માટે બનાસકાંઠા જિલ્લાનું નોમિનેશન

પાલનપુર, તા. ૪

પર્યાવરણ વિશે લોકોમાં જાગૃતિ વધારવા સરકારશ્રી દ્વારા દેશભરમાં -યાસો કરવામાં આવે છે. સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજયુકેશન અમદાવાદ દ્વારા આ માટે વ્યાપક -યાસો કરવામાં આવે છે. ભારત સરકારશ્રીના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા અપાતા વર્ષ ૨૦૧૩-૧૪ ના પર્યાવરણ પુરસ્કાર એવોર્ડ માટે રાજય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા બનાસકાંઠા જીલ્લાનું નોમિનેશન કરવામાં આવ્યું છે.પર્યાવરણ જાગૃતિ માટે જે જીલ્લામાં નોંધપાત્ર કામગીરી થઈ હોય તેવા જીલ્લાઓને આ એવોર્ડ આપવામાં આવે છે. આ એવોર્ડ ચાર -કારના હોય છે. બેસ્ટ સ્ટુડન્ટ, બેસ્ટ સ્કૂલ, બેસ્ટ ટીચર અને બેસ્ટ ડીસ્ટ્રીકટ. બનાસકાંઠા જીલ્લાની શાળાઓ અને જીલ્લાભરમાં પર્યાવરણ જાગૃતિ માટે ખુબ સારી કામગીરી થઈ હોવાથી જીલ્લાનું નોમિનેશન થયું છે.

વર્ષ ૨૦૧૩-૧૪માં પર્યાવરણ જતન અને જાગૃતિ માટે કલેકટરશ્રીની સુચના માર્ગદર્શન અને -માણે બનાસકાંઠા જીલ્લાની સ્કુલોના વિધાર્થીઓ અને શિક્ષકો દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી છે. તા.૫ જૂનના રોજ અમદાવાદ ખાતે યોજાનાર ભવ્ય કાર્યક્રમમાં રાજય કક્ષાએ વિજેતા જીલ્લાઓને મહાનુંભાવોના હસ્તે એવોર્ડ વિતરણ કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે જીલ્લા વિકાસ અધિકારી અને કલેકટર તરીકે શ્રી મહેન્દ્ર પટેલે બનાસકાંઠા જીલ્લામાં -રણાદાયી અભિગમ અપનાવીને નોંધપાત્ર સિધ્ધિઓ મેળવી છે.

## જાલીયાના મઠના સંતનો દેહદાનનો સંકલ્પ

પ્રાંતિજ, તા. ૪

મૃત્યુ એ કુદરતના હાથની વસ્તુ છે. છતાં માણસ મૃત્યુથી ડરી રહ્યો છે. મૃત્યુનું રહસ્ય સમજી જનાર મૃત્યુને આવકારી પેલા જન્મનું ભાથુ પુણ્ય કાર્યોથી કરે છે.

દહેગામ તાલુકાના જાલીયાના મઠની જાણીયા મઠના ભક્તિના રંગમાં રંગાયેલાને સદેહ ઈશ્વરીય ભક્તિમાં મસ્ત રહેતા પુરષોત્તમદાસ પ્રજાપતિની છે. ૭૯ વર્ષીય પુરષોત્તમદાસ મોહનભાઈ પ્રજાપતિ ખેતીકામ કરે છે. અને ભક્તિમાં મસ્ત બની જ્ઞાન ગંગા વહેવડાવતા આ પુરૂષ સાત માસથી અન્ન ત્યાગ કર્યો છે. પોતાના અંતિમ સંસ્કાર તથા વિધિ નહી કરવી અને શરીર તેમનો દેહ તબીબ ક્ષેત્રે અભ્યાસ કરનારા બાળકોના શિક્ષણમાં અભ્યાસ માટે હોસ્પિટલ-કોલેજમાં અર્પણ કરવા જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજને જણાવી જાહેરમાં લેખિત સંકલ્પ પત્ર આપતા સૌ કોઈ ભવવિભોર બની ગયા હતા.

# મોટા કાપરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ૬ ની ફરજમાં નિષ્કાળજી બદલ સામુહિક બદલી

ડીસા, તા. ૪

બનાસકાંઠાના જિલ્લા વિકાસ અધિકારીએ એક સરપ્રાઈજ તપાસ કરતા મોટા કાપરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના છ જેટલા કર્મચારી ફરજ પરથી ગેરહાજર જણાયા હતા, જો કે તે બાદ આ ગંભીર નિષ્કાળજી સામે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવાનો જિલ્લા વિકાસ અધિકારીએ બનાસકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારી અરૂણ આચાર્યને સૂચના આપતા આ છ કર્મચારીની બદલી કરવામાં આવેલ છે, જેનાથી નોકરી સમયે ગેરહાજર રહેતા કામચોર કર્મચારીગણમાં ફફડાટ ફેલાયો છે.

આ ઘટનાની મળતી વિગતો એવી છે કે બે દિવસ અગાઉ જિલ્લા વિકાસ અધિકારી એચ.કે. પટેલ દ્વારા નવ નિયુક્ત લાખણી તાલુકામાં આવેલા મોટા કાપરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પહોંચ્યા હતા અને તે બાદની સરપ્રાઈજ તપાસ કરતા પી.એચ.સી., કેન્દ્ર ખાલી દેખાયું હતું, જેમાં વધુ તપાસ કરતા ફરજમાં હાજર પત્રકે હાજર એવા એસ.જી. ઠક્કર (ફાર્માસિસ્ટ) જે.આર. રાંગી (લેબોરેટરી ટેકનીશીયન) શ્રીમતી જી.ડી. પાટીલ, (ફીમેલ હેલ્થ સુપરવાઈઝર) એ.એમ. પરમાર (મેલેરિયા હેલ્થ સુપરવાઈઝર) એ.એન. ચમાર (ફીમેલ હેલ્થ વર્કર) જીગરભાઈ દરજી (મેલેરિયા હેલ્થ વર્કર) ફરજ પર ગેર હાજર જણાયા હતા, જે બાદ જિલ્લા વિકાસ અધિકારી એચ.કે. પટેલે આ સમગ્ર બાબતની જિલ્લા આરોગ્ય અધિકારી અરૂણભાઈ આચાર્યને કરતા તેમણે આ મામલે તાત્કાલિક સપ્લાઈએ કામ લીધું હતું અને તમામ કર્મચારીઓને મોટા કાપરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી અન્યત્ર તાત્કાલિક અસરથી બદલી કરી હતી, જેનાથી આરોગ્ય વિભાગમાં ખળભળાટ મચેલ છે.

આ બાબતે જિલ્લા આરોગ્ય અધિકારી અરૂણભાઈ એચ. આચાર્યે જણાવેલ કે 'રાજ્ય સેવકોએ ફર્જ નિષ્ઠ અને પોતાના કામ પ્રત્યે સજાગ રહેવું પડશે. જિલ્લા વિકાસ અધિકારીની અધિકારીક સ્તરની તપાસમાં મોટા કાપરા ખાતે ના ૬ કર્મચારી ગેરહાજર જણાતા તેમની સીધી સૂચનાએ તમામ સામે તાત્કાલિક કાર્યવાહીએ અન્ય જગ્યાએ બદલી કરાયેલ છે અને તેમનો ખુલાસો માંગવામાં આવેલ છે, તેમને વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારની અનેકોવિધ આરોગ્યલક્ષી યોજનાથી સરહદી બનાસકાંઠા જિલ્લો સહુથી વધારે લાભાંકિત બનેલ છે ત્યારે જિલ્લામાં આરોગ્યલક્ષી કામગીરી અસરકારક બનાવા કર્મચારીઓ ફરજ પ્રત્યે જાગરૂકતા કેળવી તે જરૂરી છે. જેથી સારી કામગીરી અને નબળી કામગીરીનું યોગ્ય મુલ્યાંકન કરી કડકાઈએ કાર્યવાહી હાથ ધરાશે તેવું તેમને જણાવ્યું હતું.

જોકે આ કહેવાતા શિક્ષાત્મક પગલાથી પોતાના બચાવમાં દોષિત કર્મચારીગણ દ્વારા પોતાનો ખુલાસો રજુ કરવાની તજવીજ હાથ ધરાઈ છે અને તેઓમાંથી કેટલાક કર્મચારી અન્ય જગ્યાના વધારાના ચાર્જમાં હોઈ અને તે રીતે ફરજમાં હાજર હોઈ થયેલ શિક્ષાત્મક કાર્યવાહીમાં ફેર વિચારણા કરવા રજૂઆત કરાઈ હોવાનું સૂત્રોએ જણાવેલ છે.

# મોડાસા માર્કેટયાર્ડમાં બાજરીના ભાવ ઓછા પડતા ખેડૂતો વિફર્યા

## મોડાસા માર્કેટયાર્ડના દરવાજા ખેડૂતોએ બંધ કર્યા

મોડાસા, તા.૪

મોડાસા માર્કેટયાર્ડમાં આજે બાજરીના ભાવ ખૂબ જ ઓછા પડતા વિફરેલા ખેડૂતોએ હંગામો મચાવી દુકાનો બંધ કરાવી હરાજી અટકાવી દીધી હતી. આમ મહામહેનતે પકવેલા પાકની પુરતી કિંમત ન મળતા ખેડૂતો માર્કેટયાર્ડના સત્તાધીશો સામે રોષે ભરાયા હતા.

મોડાસા માર્કેટયાર્ડમાં આજે મોડા પ્રમાણમાં બાજરી લઈ ખેડૂતો વેચવા માટે ઉમટી પડયા હતા. થોડા દિવસ પહેલા બાજરીનો ભાવ ૨૭૦ આસપાસ ચાલતો હતો જયારે એકએક ૨૨૬ રૂપિયાની આસપાસ પહોંચતા ખેડૂતોનો પિતો છટકયો હતો અને એકાએક હરાજી બંધ કરાવી દુકાનોના શટર પડાવી દીધા હતા. અને દરવાજા પણ વિફરેલા ખડૂતોએ બંધ કરાવ્યા હતા. ખેડૂતોમાં થતી ચર્ચા મુજબ મોડાસા માર્કેટયાર્ડમાં ૨-૪ વેપારી બાજરી ખરીદે છે અને અમુક વેપારી સિંડીકેટ બનાવી દેતા હોવાથી મનફાવે તેમ ભાવ ગગડાવી નાખે છે તેથી આવા વેપારી સામે ખેડૂતોના હિતમાં માર્કેટના સત્તાધીશોએ ઓફિસમાં બેસી રહેવાના બદલે કડક પગલા ભરવા જોઈએ તેવી રાવ ઉઠી છે. આમ માર્કેટના ખેડૂતોને લગતા પ્રશ્ન હલ કરવામાં સત્તાધીશો કાચા પડે છે તેમાં બે મત નથી. મોડાસા માર્કેટ યાર્ડમાં પ્રભુદાસ પટેલ જેવા ખેડૂત આગેવાન ચેરમેન હતા ત્યારે ઉપરોકત પ્રશ્નો સર્જાતા ન હતા પણ નવા સવા હરાજી અટકાવે છે તે શરમજનક છે.





(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકા જૈનપુર ગામે સમસ્ત આંજણીયા પરમાર સમાજ પરિવાર દ્વારા રામદેવજી અને મહાકાળી માતાજીનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રથમ દિને હોમ હવન, જ્યારે બીજા દિવસે ભગવાન માતાજીની મૂર્તિઓની નગરમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. અંતિમ દિને ભાવિક ભક્તોની ઉપસ્થિતિમાં ભગવાનની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી અને બાદમાં કળશ અને રામદેવજીને નેજા ચડાવવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં ઉમટી પડેલા ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો અને ધન્યતા અનુભવી હતી.

# યુવતીનું અપહરણ કરીને બે યુવક દ્વારા દુષ્કર્મ આચરાયુ

## વડોદરા શહેરમાં ચોંકાવનારો કિસ્સો સપાટીએ : સમગ્ર મામલામાં પોલીસની તપાસ : દેશમાં શરમજનક કિસ્સા

અમદાવાદ, તા.૦૪

સંસ્કારનગરી તરીકે ઓળખાતી વડોદરા શહેર પર લાંછન લગાવે તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મોડીરાત્રીના યુવતીનું અપહરણ કરીને તેના પર બે નરાધમે દુષ્કર્મ આચરીને વિડીયો કલીપીંગ ઉતારી હોવાના બનાવથી વિસ્તારમાં સનસનાટી મચી જવા પામી હતી. આ મામલે પોલીસે ગણતરીના કલાકોમાં જ બંને નરાધમોની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, ૧૮ વર્ષીય યુવતીની થોડા સમય અગાઉ શહેરના વાઘોડિયા રોડ પર આવેલી એક સોસાયટીમાં રહેતા હર્ષ સાથે માત્ર લગ્નની વાત ચાલી હતી. બાદમાં યુવતી અને હર્ષ અવારનવાર રસ્તામાં મળતા તો એકબીજાને સામે આવી જતાં બે દિવસ અગાઉ હર્ષે યુવતીના ઘરે મોડીરાત્રે ફોન કરી તેને બહાર બોલાવી ડરી ગયેલી યુવતીએ પહેલા તો બહાર આવવાની ઘણી આનાકાની કરી પરંતુ હર્ષે જીદ કરીને તેને બહાર બોલાવી. પરીવારના સભ્યોને જાણ કર્યા વિના યુવતી ઘરની બહાર ગઈ ત્યારે તેણે એક કાર જોઈ તેમાં હર્ષ હતો. હર્ષ તરત જ યુવતીને બળજબરીપૂર્વક કારમાં બેસાડી દીધા કારમાં હર્ષનો અન્ય એક મિત્ર સોનુ પણ હતો તે બંનેએ યુવતી પાસે અભદ્ર માંગણી કરવા લાગ્યા ડરી ગયેલી યુવતી બંનેને વિનંતી કરવા લાગી કે તેને છોડી દે. પરંતુ બંને નરાધમે યુવતી પર વારફરતી દુષ્કર્મ ગુજારીને તેના વિડીયો કલીપીંગ ઉતારી. ડરી ગયેલી યુવતીએ તરત જ આ સમગ્ર મામલે પરીવારજનોને વાત જણાવી અને તેમમે તરત જ સ્થાનિક પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાવી. પોલીસે પણ ગણતરીની મિનિટોમાં જ બંને નરાધમોને પકડી પાડી તપાસનો દોર શરૂ કરી દીધો. બંને નરાધમોએ યુવતી પર દુષ્કર્મ આચરતી વખતે કલીપ અને ફોટા ડીલીટ કર્યાનું પોલીસે જણાવ્યું છે.

# ૨.૨૫ લાખથી વધુ કિંમતનો જથ્થો દરોડાવેળા કબ્જે થયો

## ૨૫૪૨ કિગ્રાનો જથ્થો કબ્જે કરી કાર્યવાહી હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૦૪

રાજયમાં ભેળસેળયુકત પદાર્થોના વેચાણ અને ભેળસેળ થતા રોકવા માટે ફુડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ દ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે તાજેતરમાં તેલની ભેળસેળ કરતી પેઢીઓ પર દરોડા પાડીને રાજ્યમાંથી રૂા. ૨,૩૫,૯૫૬ની કિંમતનો ૨૫૪૨ કિગ્રાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે એમ ફુડ સેફ્ટી, ખોરાક ઔષધ નિયમન તંત્રના કમિશ્નર ડો. એચ.જી કોશિયા દ્વારા જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર ભેળસેળ રોકવા માટે તંત્રના ફુડ સેફ્ટી ઓફિસર દ્વારા સમયાંતરે સઘન તપાસ કરવામાં આવે છે. તંત્રને ખાનગી બાતમી મળતા ફુડ સેફ્ટી ઓફિસર દ્વારા ખંભાતની ભગવતી કિરાણા સ્ટોર્સ, મીનાક્ષી ટ્રેડર્સના ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડા દરમિયાન ગોંડલની પૂજા ઈન્ડસ્ટ્રીઝ, જયભોલે ઈન્ડસ્ટ્રીઝ, જયક્રિષ્ણા ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ઉત્પાદીત રજવાડી, ખેડૂત અને મહારાણા જેવી વિવિધ બ્રાન્ડના નસીંગતેલના નમુનાઓ લઈ બાકી રહેલ ૨૫૪૨ કિગ્રાનો જત્થો જપ્ત કરવામાં આવ્યો હતો અને નમુનાઓ ચકાસણી અર્થે પ્રયોગશાળામાં મોકલી અપાયા છે. નમુનાઓનું પરીણામ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે એમ યાદીમાં જણાવાયું છે.

# ૧૮ લાખની લૂંટ કેસ સંદર્ભે આરોપીના સ્કેચ જારી કરાયા

શહેરના માધુપુરા વિસ્તારમાં થોડા દિવસ અગાઉ આંગડીયા પેઢીના કર્મચારીને લૂંટી લેવાના મામલે પોલીસે આરોપીઓના સ્કેચ જાહેર કર્યા છે. ફરીયાદના નિવેદનના આધારે ત્રણ સ્કેચ તૈયાર કરાયા છે. પોલીસે આ આરોપીઓના સ્કેચના આધારે તપાસનો દોર શરૂ કર્યો છે. થોડા દિવસ અગાઉ રતનપોળ સ્થિત ઝવેરીવાડ ખાતે આવેલી રમેશ કાંતિલાલ પટેલની આંગડીયા પેઢીના ક્રમચારી રમેશ પટેલ રાજસ્થાનથી અમદાવાદ ખાનગી ટ્રાવેલ્સની બસમાં વહેલી સવારે આવ્યા હતા. બાદમાં તેઓ ઝવેરીવાડ જવા માટે એક રીક્ષામાં બેઠા આગળથી રીક્ષામાં બીજા ત્રણ શકસો બેઠા અને રીક્ષા રતનપોળના બદલે અસારવા બ્રીજ પાસે લઈ ગયા રીક્ષામાં પાછળ બેઠેલા ત્રણેય શખ્સોએ આંગડીયા પેઢીના કર્મચારી પર તીક્ષણ હથિયાર વડે હુમલો કરી તેમની પાસે રહેલા ૧૮ લાખની રોકડ રકમ લઈ ફરાર થઈ ગયા હતા. દિલધડક લૂંટ બાદ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. લૂંટ બાદ કર્મચારી રમેશભાઈ પટેલને રીક્ષામાં આવેલા લૂંટારૂ શખ્સો તેમને અડધે રસ્તે મુકીને નાસી ગયા હતા.

# પટેલ પાર્થ હજુ પણ ઉંચી સફળતા મેળવવા ઈચ્છુક

અમદાવાદ, તા.૦૪

માર્ચ ૨૦૧૪માં લેવામાં આવેલી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષાનુ પરિણામ ગઈકાલે ૬૩.૮૫ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરમાંથી પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થી તારલાઓ એ-૧ અને એ-૨ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. આ વિદ્યાર્થીઓ ઉજ્જવળ કારકિર્દી બનાવવા માટે મક્કમ દેખાઈ રહ્યા છે. ૯૯.૪૩ પર્સન્ટાઈલ રેન્ક મેળવનાર પટેલ પાર્થ રાકેશકુમારે વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, તે ધોરણ-૧૦માં આવ્યા બાદથી જ ખૂબ જ નિયમિત અને શિસ્તમાં રહીને અભ્યાસ કરતો હતો. નિયમિત અભ્યાસના કારણે તેને ઉંચી સફળતા મળી છે. પાર્થે એમપણ જણાવ્યું હતું કે, તે આવી સફળતા ધોરણ-૧૨ બોર્ડમાં પણ મેળવવાની ઈચ્છા રાખે છે અને આના માટે તે અત્યારથી જ તૈયારીમાં લાગી ગયો.

# પાટણ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવના આયોજન - સંકલન માટે તંત્રમાં બેઠકો

પાટણ, તા. ૪

નવા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪ના -ારંભે શરૂ થઈ રહેલા કન્યા કેળવણી અને શાળા -વેશોત્સવના બારમાં તબકકાની.મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં આ વર્ષે ગ્રામક્ષેત્રમાં તા.૧૨,૧૩,૧૪ જૂન-૨૦૧૪ અને શહેરી ક્ષેત્રમાં તા.૧૯,૨૦,૨૧,જુન-૨૦૧૪ એમ બે તબકકામાં -ાથમિક શિક્ષણની સાર્વત્રિક જયોત -ગટાવવાની આ સરસ્વતી યાત્રા યોજાશે.

જિલ્લા કલેકટરશ્રી એચ.એન. ઠકકરની અધ્યક્ષતામાં કન્યા કેળવણી અને શાળા -વેશોત્સવ ૨૦૧૪ની આગોતરા આયોજન અંગે અમલીકરણ સમિતી યોજાયલ બેઠકમાં અધ્યક્ષશ્રીએ શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી માટેનું સાર્વત્રિક વાતાવરણ વધુ સંગીન બને અને સામાજીક ભાગીદારીનું વ્યાપક ફલક આ અભિયાનમાં વિસ્તારી શકાય તે માટે આયોજન માટે તાકીદ કરી હતી. પાટણ જિલ્લાનો સાક્ષરતા દર ચે લઈ જઈ ગુજરાત સાક્ષરતા દરમાં અગ્રેસરની હરોળમાં રહે તે માટે શાળા પરિવાર અને શિક્ષક ગણ જનભાગીદારી સાથે -તિબધ્ધ રહે તેવા -રક સુચન સાથે સુચારૂ અમલ કરવા માટેનો એકશન પ્લાન ઘડી કાઢવા માર્ગદર્શન આપ્યું હતું તેમજ -વેશપાત્ર એક પણ બાળક -વેશથી વંચીત રહી ન જાય તથા શાળા -વેશોત્સવ જનભાગીદારીથી ઉત્સાહભેર ઉજવાય તે માટે પદાધિકારીશ્રીઓનો તથા સ્વૈચ્છિક સંસ્થાઓનો તેમજ ગ્રામજનોનો સહયોગ લેવા જણાવ્યું હતું.

વધુમાં પછાત વર્ગના બાળકોને સરકારશ્રી તરફથી અપાતી સ્કોલરશીપ સીધે સીધી બાળકોના બેંક એકાઉન્ટમાં જમા થઈ જાય તે માટે દરેક બાળકના બેંક એકાઉન્ટ ખુલી જાય અને બેંક એકાઉન્ટમાં રકમ જમા થઈ જાય તે જોવા સંબધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. આ બાબતની જાણ શાળા -વેશોત્સવ કાર્યક્રમ દરમિયાન વાલીઓને થાય તેનુ આયોજન કરવા જણાવ્યું હતું.

જિલ્લા -ાથમિક શિક્ષણાધિકારીશ્રી બી.એમ. નિનામાએ શાળા -વેશોત્સવ ૨૦૧૪ કાર્યક્રમમાં જિલ્લાની કુલ ૮૧૧ શાળાઓ ૪૩ રૂટોમાં આવરી લઈ ધોરણ-૧માં -વેશપાત્ર કુમાર ૮૧૫૮ કન્યા ૭૪૨૨ મળી કુલ ૧૫૫૮૦ બાળકોને -વેશ અપાશે તથા . ઓછા નામાકાંન અને ઓછા સ્થાયીકરણ,વધારે ગેરહાજરી ધરાવતા વિસ્તારો તથા વર્ગ વિશેષ જાતિઓ સુનિશ્ચિત કરવા અને તે અંગેની સમસ્યાઓનું નિરાકરણ કરવા,ડ્રોપ આઉટ રેશિયા ખાસ ભાર મુકવામાં આવેલ હોવાનું તથા જિલ્લામાં જે ગામોમાં ૩૫ ટકાથી સ્ત્રી સાક્ષરતા દર ઓછો છે તેવા ૩૩ ગામોના ગામ લોકો સ્વયંભૂ ૧૦૦ ટકા બાળકોને -વેશીકરણ અને આ તમામ બાળકો -ાથમિક શિક્ષણ પુરૂ કરે તે માટે જાગૃતતા કેળવવા પર ખાસ આયોજન કરેલ હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત શાળા -વેશોત્સવ કાર્યક્રમ દરમિયાન કાર્યક્રમનું સમયપત્રક, કાર્યસૂચિ, શાળા -વેશોત્સવ દરમિયાનની અન્ય બાબતો પરનું પણ ખાસ ધ્યાન દોર્યું હતું.

બેઠકમાં અધિક નિવાસી કલેકટરશ્રી રાજેશ રાજયગુરૂ, જિલ્લા ગ્રામ વિકાસ નિયામકશ્રી હર્ષ વ્યાસ અને કન્યા અને શાળા -વેશોત્સવ અમલીકરણ સમિતીના સભ્યો ઉપસથિત રહયા હતા..





પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના કોલાપુર બંધવડ તથા દેવ ગામોમાં કૃષિ મહોત્સવ અને પશુ સારવાર કેમ્પ યોજાયો હતો. એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) યોજના અંતર્ગત જિલ્લા અંદરનો તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા ખેતીવાડી અધિકારી, શ્રી એમ. પી. ચૌહાણ, જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી બાબુભાઈ ચૌધરી, કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકશ્રી એન. એન. દેસાઈ, મદદનીશ ખેતી નિયામકશ્રી એચ. આઈ. પટેલ તથા તાલુકા અમલીકરણ અધિકારી શ્રી આર. આર. ભગોરા ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન